# પ્રામાણિકતાની સુવાસ

– નરેન્દ્રકુમાર કે. શાહ

એક દિવસ વહેલી સવારે આશિષ અને ધ્યેય સાઈકલ ઉપર સ્કૂલે જતા હતા ત્યારે રસ્તામાં તેમણે એક ઓફિસબેગ પડેલી જોઈ.

સ્કૂલના રસ્તે બીજી કોઈ અવરજવર ન હતી. તેથી તેમણે બેગ લઈ લીધી. થોડી વાર સુધી બેગના માલિકને મળવા ઊભા રહ્યા, પણ કોઈ દેખાયું નહીં તેથી મળેલી બેગ લઈને બંને સ્કુલમાં ગયા. બેગમાંથી મોબાઈલની રિંગ વાગતી હતી, પણ સ્કુલે જવાની ઉતાવળમાં વાગતી રિંગ તરફ બંનેએ ધ્યાન ન આપ્યું.

સ્કૂલમાં જઈ તરત જ બંને આચાર્યસાહેબની ઓફિસમાં પહોંચી ગયાં. આચાર્યસાહેબ અનિલભાઈએ બંનેને પૂછ્યું, 'કેમ તમારે સીધા જ ઓફિસમાં આવવું પડ્યું ?' બંનેએ રસ્તામાંથી મળેલી બેગની અને મોબાઈલની વાત કરી. અમે બંને મળેલી બેગ અને મોબાઈલ તમને આપવા માટે આવ્યા છીએ.

આશિષ અને ધ્યેય આચાર્ય સાથે વાતચીત કરતા હતા ત્યાં જ મોબાઈલની રિંગ વાગી. આચાર્યસાહેબે મળેલા મોબાઈલ ઉપર વાતચીત કરનારનું નામ જાણી લીધું અને મોબાઈલનો નંબર પણ જાણી લીધો.

મોબાઈલ ઉપર વાતચીત કરનાર એક દર્દી રમેશભાઈ હતા. રમેશભાઈએ જણાવ્યું કે, 'મારે ડૉક્ટરસાહેબનું ખૂબ જરૂરી કામ છે. આચાર્યસાહેબે રમેશભાઈને કહ્યું, 'તમારા ડૉક્ટરસાહેબની બેગ રસ્તામાં પડી ગઈ હતી. તે બેગ મારી શાળાના બે વિદ્યાર્થીઓને મળી છે. બેગમાં ડૉક્ટરસાહેબનો મોબાઈલ પણ છે. હાલમાં તે મારી પાસે છે.

આચાર્ય અનિલભાઈએ ડૉક્ટરસાહેબના દવાખાનાનો નંબર લઈને દવાખાના ઉપર સંપૂર્ણ વિગતવાર વાતચીત કરી. વહેલી સવારે ખોવાઈ ગયેલી બેગ આચાર્યસાહેબ પાસે છે તે જાણી ડૉક્ટરસાહેબને ઘણો જ આનંદ થયો.

સ્કૂલ છૂટવાના સમયે ડૉક્ટરસાહેબ શાળામાં આવ્યા. આચાર્યસાહેબને મળ્યા. ડૉક્ટરસાહેબે આચાર્યસાહેબને કહ્યું, 'મારી બેગમાં ખૂબ જ અગત્યના કાગળો અને મારો પાસપોર્ટ પણ છે. બે દિવસ પછી મારે અમેરિકા ડૉક્ટરોની મિટિંગમાં જવાનું છે. તમારો ફોન આવ્યો એ પહેલાં તો હું ખૂબ ચિંતામાં અને મૂંઝવણમાં હતો પણ પછી તમારી વાત સાંભળીને મારી મૂંઝવણ દૂર થઈ ગઈ.'



આચાર્યસાહેબની ઓફિસમાં આશિષ અને ધ્યેયને બોલાવવામાં આવ્યા. ડૉક્ટરસાહેબે બંને વિદ્યાર્થીઓની પ્રામાણિકતા માટે ધન્યવાદ આપ્યા. આચાર્યસાહેબનો આભાર માની ડૉક્ટરસાહેબે વિદાય લીધી અને જતા જતા કહેતા ગયા, 'કોઈપણ પ્રકારની તમારે જરૂર પડે તો મને અચૂક બોલાવજો. આશિષ અને ધ્યેયની પ્રામાણિકતાને ક્યારે મારાથી ભૂલાશે નહીં.

■